ક્રિ.કેસ.નંબરઃ–૧૬૫૬/૨૦૦૬

**<u>ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૮ મુજબ આંક–૦૧ નીચે હુકમઃ–</u>**

(૧) આ કામે રોજકામ વંચાણે લેતાં આરોપીઓને અનેક વખત સમન્સ કાઢવામાં આવેલ, તેમ છતાં બજવણી થયેલ નથી. આમ, હાલના કેસમાં પોલીસ એજન્સીને અનેક તક આપવા છતાં, આ આરોપીઓને સમન્સ ની બજવણી કરાવી તેની હાજરી સુરક્ષિત કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે. હાલનો કેસ તે સમન્સ ટ્રાયેબલ પોલીસ કેસ છે પ્રોસીડીંગ જોતા હાલનો કેસ ઘણા લાંબા સમયથી મૃતપ્રાય અવસ્થામાં આવેલ છે.

આજ રોજ લોક અદાલત અને મેજીસ્ટ્રેટ માટે સ્પેશ્યલ સીટીગનુ આયોજન કરવામાં આવેલ છે. જે અંગે જુદા જુદા પત્રો અન્વયે કેસો ફેસલ કરવા માટેની જે માગદર્શિકાઓ આવેલ છે તે લક્ષમાં લેતા જુના અને મૃતપ્રાય કેસોમાં ક્રીમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૮ નો ઉપયોગ કરી ફેંસલ કરવા માટે સૂચન કરવામાં આવેલ છે તથા આજ રોજ મેજીસ્ટ્રેટ માટે સ્પેશ્યલ સીટીગનુ પણ આયોજન કરેલ છે.

હાથ ઉપરના કેસમાં ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૮ મુજબ હુકમ કરી શકાય કે કેમ? તે અંગે સ્ટેટ ઓફ ગુજરાત વિ. ગોરધનભાઈ ચંદુભાઈ પટેલ, ૧૯૯૭ (૩) જી.એલ.આર. ૧૯૪૬ તથા પી. આર. રાવ વિ. સ્ટેટ ઓફ કર્નાટકા,૨૦૦૨(૨) જી.એલ.આર.૧૫૪૯ તથા વિવિધ ઉચ્ચ અદાલતોના ચુકાદાઓનો અભ્યાસ કરતા પણ તેમાંથી એવું તારણ નીકળેલ છે કે,

Section 258 of the Code which empowers to stop the proceedings in certain cases is intended to meet with certain situations, where the presence of any accused persons cannot be secured or presence of any important witness cannot be secured by the prosecution which is necessary for the trial of the case. Therefore, Where the Magistrate does not find it possible to disposed of the matter by adopting normal procedure contemplated by the Code for one reason or other as here in above stated, in such a situation it would be open to the Magistrate to stop further proceedings of the case. **Section 258 of the Code can be restored to where the special or unusual circumstances exist, such as non-appearance of the accused before the Court for considerable time** or of the important witness of the prosecution, which make it difficult or impossible for the Magistrate to proceed with the case in normal way.

હાથ ઉપરના કેસમાં પણ આરોપીઓને સમન્સની બજવણી કરી હાજર રખાવવા સારુ

પોલીસને વ્યાજબી તકો આપવા છતાં પોલીસ એજન્સી આરોપીઓ ને હાજર રખાવી શકેલ નથી કે સમન્સ બજાવી શકેલ નથી. જેથી ટ્રાયલ ચલાવવી લગભગ અશકય બની ગયેલ છે અને નજીકના ભવિષ્યમાં પણ પોલીસ આરોપીઓને શોધીને રજુ કરી શકે તેવી શકયતા અગાઉનું પ્રોસીડીંગ જોતા જણાતું નથી. જેથી, ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૮ વંચાણે લેતા આ કામે હાલની આરોપીઓ સામેની કાર્યવાહી બંધ કરવામાં આવે છે તથા આરોપીઓને આ કામે બિન તહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ક્રિ.પ્રો.કોડનો પર્યાય જોતા, ભવિષ્યમાં આરોપીઓને અગર ફરીયાદપક્ષ પોલીસ રજુ કરે તો કે આરોપીઓ સામેથી હાજર થાય તો હાલની કેસની કાર્યવાહી ક્રિ.પ્રો.કોડની કલમ–૩૦૦(૫) મુજબ નવેસરથી શરૂ કરવાના ફરીયાદ પક્ષના હકકને આ હુકમથી કોઈ બાધ રહેશે નહિ તથા તેવા કિસ્સામાં આ કોર્ટે ઉપરોકત કલમ મુજબ કાર્યવાહી કરવાની પરવાનગી આપેલ છે તેમ ગણાશે.

હુકમ આજરોજ તારીખ ૧૩ મી માહે જુલાઈ સને–૨૦૧૯ ના રોજ ની મેજિસ્ટ્રેટ તરીકેની ખાસ સીટીંગમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તારીખ–૧૩/૦૭/૨૦૧૯
સ્થળ: અમદાવાદ.

(ચેતના જયંતીલાલ પટેલ)
કોડ નંબર જી.જે.૦૧૦૫૬
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજી.,
કોર્ટ નં. ૧૨, અમદાવાદ.